...તંત્રના પુલ બનાવવા ઠાગાઠૈયા, જાત મહેનત જિંદાબાદ

ધનસુરા ખડોલ ગ્રામજનોએ લોકભાગીદારીથી વાત્રક નદી પર પુલની કામગીરી શરૂ કરી

ધનસુરા, તા. ૨૧

ગતિશીલ ગુજરાત અને વિકાસશીલ ગુજરાતની વાતો તો જોરશોરથી કરવામાં આવી રહી છે, પરંતુ હજુ પણ અરવલ્લી જીલ્લાના કેટલાક ગામો એવા છે કે જે વિકાસ ઝંખી રહ્યા છે. વહીવટીતંત્રની આળસના પગલે વાત્રક નદીના એક બાજુ ધનસુરા તાલુકાના ખડોલ ગામ આવેલું છે. સામે પાર બાયડ તાલુકાનું રડોદારા ગામ આવેલું છે બંને ગામના લોકોએ એકબીજાના ગામમાં જવા ૨૨ કિમીનું અંતર કાપવું પડતું હતું. વાત્રક નદી પર ડીપ બનાવવામાં આવે તો ૨૨ કિમિ અંતરના બદલે સીધો સંપર્ક થતા ૫ કિમિમાં જ અંતર પુરૂ થતું હોવાથી વહીવટીતંત્ર અને નેતાઓ સામે વારંવાર રજુઆત કરવા છતાં વહીવટીતંત્ર વાત્રક

નદી પર પુલ ઉણુ ઉતરતા આજુબાજુના ગ્રામજનોએ ભેગા મળી વાત્રક નદી પર પુલ બનાવવાની કામગીરી હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ખડોલ ગામની જ્યાં વર્ષો જૂની પુલની માંગણી કરી રહેલા લોકોએ હવે ના છૂટકે જાત મહેનત જીંદાબાદ જુ સુત્ર અપનાવ્યું છે. ખડોલ ગામ નજીકથી વાત્રક નદી પસાર થાય છે અને નદી આ નદીની સામે પાર બાયડ તાલુકાનું રડોદરા ગામ આવેલું છે. જ્યાં ધનસુરાથી બાયડ ફરીને જતા ૨૨ કિલો મીટરનું અંતર કાપવું પડે છે. જ્યારે નદીમાં પુલ બનવાથી માત્ર ૫ કિલોમીટરમાં જ આ અંતર પૂરું થશે. ત્યારે આજુ બાજુના ગામ લોકોએ ભેગા મળીને હવે ના છૂટકે લોકફાળો ભેગો કરીને નદીમાં ડીપ બનાવવાનું કામ શરૂ કર્યું છે.

રડોદરા અને ખડોલ વિસ્તારના લોકો છેલ્લા ઘણા વર્ષોથી વાત્રક નદીમાં પુલ બને એ માટે માંગણીઓ કરી રહયા છે પરંતુ તંત્રના બહેરા કાને આ ગરીબ પ્રજાનો અવાજ સંભળાતો નથી. ત્યારે આ બંને વિસ્તારના લોકોએ ના છૂટકે જાત મહેનતનું શસ્ત્ર ઉગામ્યુ છે. ત્યારે હવો જોવું એ રહ્યું કે તંત્ર આ લોકોની વ્હારે આવે છે કે કેમ તે જોવું રહ્યું.

વડગામ ગેલેક્સી સ્કૂલનો વિદ્યાર્થી નિબંધ લેખન સ્પર્ધામાં ઉત્તર ઝોનમાં પ્રથમ નંબર મેળવ્યો

વડગામ તાલુકા તેમજ બનાસકાંઠા જીલ્લા ગૌરવ વધાર્યુ

વડગામ,

વડગામ ખાતે આવેલ ગેલેક્સી સ્કૂલનો વિધાર્થી સોલંકી વિનય સુરેશભાઈ એ નીબધ લેખન સ્પર્ધા માં ઉત્તર ઝોનમાં પ્રથમ નંબર મેળવીને વડગામ સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લાનુ નામ રોશન કર્યું છે.જેને લઈને ગેલેક્સી સ્કૂલ ઓફ સાયન્સ વડગામ તથા વિધાર્થી ના પરિવારજનો મા આનંદ છવાયો છે.

અમદાવાદના નિકોલમાં આવેલી સંકલ્પ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે રવિવારે ઉત્તર ઝોનના ૧૦ જિલ્લાઓ વચ્ચે નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બનાસકાંઠા જિલ્લા યુવા ઉત્સવ સ્પર્ધા ૨૦૧૯માં નિબંધ લેખનમાં બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકા મથકે આવેલ ગેલેક્સી સ્કૂલ ઓફ સાયન્સ વડગામનો વિધાર્થી સોલંકી વિનય સુરેશભાઈએ પ્રથમ નંબર પ્રાપ્ત હતો.અને આં વિદ્યાર્થી હવે ગુજરાતના ચાર ઝોનના ૪ વિધાર્થીઓ વચ્ચે સ્પર્ધા માં જવાનો છે. ત્યારે વિનયે તાલુકા ના થલવાડા માં પ્રથમ,જીલ્લા માં રતનપુર માં પ્રથમ અને ૧૦જિલ્લાઓના ઉત્તર ઝોન અમદાવાદ માં પ્રથમ નંબર મેળવ્યો હતો. અને આં રીતે સોલંકી વિનય એ ગેલેક્સી સ્કૂલ વડગામ, પરિવાર નું નામ રોશન કર્યું હતું ત્યારે ગેલેક્સી સ્કૂલ ના ટ્રસ્ટી અને પ્રમુખ કાનજીભાઈ ચૌધરી એ વિધાર્થી ને પેંડા ખવડાવી ને મોં મીઠું કરાવીને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા ઓ પાઠવી હતી.

હિંમતનગરમાં સોનીની દુકાનમાં ગ્રાહક બનીને આવેલ શખ્સ વીંટી લઈ ફરાર

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગરના જુના બજાર વિસ્તારમાં શુક્રવારે એક સોનીની દુકાનમાં વીંટી ખરદીવા આવેલ એક અજાણ્યા ગ્રાહકે દુકાનદારની નજર ચુકવીને વીંટી હાથની આંગળી પર પહેરીને ભાગી જતા આ વેપારીઓ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ તરત જ હિંમતનગર બી. ડીવીજન પોલીસસ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

હિંમતનગરમાં કોર્ટ ખાતે જિલ્લા બાર એસોસીએશન હોદ્દેદારોની ચૂંટણી યોજાઈ

સાબરકાંઠા જિલ્લા વકીલ બાર એસોસીએશનના ૨૦૨૦ના હોદ્દેદારો માટે શનિવારે હિંમતનગરની જુની જિલ્લા પંચાયત ખાતે આવેલ કોર્ટના સભાખંડ ખાતે ચૂંટણી માટેનું મતદાન યોજાયું હતું જેની મતગણતરી મોડી સાંજે યોજાશે. આ અંગેની વિગત એવી છે કે જિલ્લા વકીલ બાર એસોસીએશનના ૨૦૨૦ માટેના નવા પ્રમુખ, ઉપપ્રમુખ અને લો લાયબ્રેરી એમ ત્રણ હોદ્દા માટે છ ઉમેદવારો વચ્ચેની ચૂંટણી માટેનું મતદાન હિંમતનગરમાં જૂની જિલ્લા પંચાયત ખાતે આવેલ કોર્ટના સભાખંડ ખાતે સવારે ૮.૩૦ એ શરૂ થયુ હતુ અને બપોરે ૩.૩૦ વાગે પૂર્ણ થયું હતુ. ત્યારબાદ મોડી સાંજે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. પ્રમુખ માટે રાજેન્દ્ર શર્મા સામે રાજેન્દ્રસિંહ રાઠોડ, ઉપ પ્રમુખ માટે કિરીટભાઈ પટેલ સામે પ્રદીપ પંડ્યા તો લો લાયબ્રેરી માટે ગોપાલસિંહ રાઠોડ સામે અજયભાઈ ભટ્ટ સહીત ૬ ઉમેદવારોએ ઉમેદવારી કરી હતી. જેના માટે કુલ ૪૭૦ મતદારો પૈકી ૪૨૬ વકીલ મતદારોએ મતદાન કર્યું હતું.

ડીસાના દામા નજીક દૂધના ટેન્કરમાંથી ૩૩ લાખનો વિદેશી દારૂ પકડાયો

બનાસકાંઠા એલસીબી પોલીસે ચોક્કસ બાતમી આધારે ડીસાના દામા નજીક રાજસ્થાનથી આવતાં દૂધના ટેન્કરમાંથી એકસાથે ૩૩ લાખનો વિદેશી દારૂ ઝડપી લઈ ૪૪ લાખથી વધુના મુદામાલ સાથે એક આરોપીને પકડી અન્યો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડાના દારૂ જુગારની બદી નેસ્તનાબૂદ કરવાના આદેશના પગલે એલ. સી. બી. પોલીસ ને મળેલ બાતમી આધારે ડીસા તાલુકાના દામા ઠાકોરવાસ નજીક દૂધના ટેન્કરમાંથી ૮૭૭૬ વિદેશી દારૂની બોટલ ઝડપી દારૂની હેરાફેરીના આયોજનબદ્ધ નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો તપાસ દરમિયાન ૩૩,૩૫,૨૦૦ નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપાઈ જતાં પંથકમાં ચકચાર મચી ગઈ છે પોલીસને ડીસા તાલુકાના દામા ઠાકોરવાસ ગામના બસસ્ટેશન પાસે રોડ ઉપર સવારે એક દૂધનું ટેન્કર શંકાસ્પદ જણાયું હતું. જેની તપાસ કરતાં વિદેશી દારૂની પેટી નંગ-૭૧૯ તથા છુટી બોટલો નંગ-૧૪૮ મળી કુલ બોટલ નંગ-૮૭૭૬ જપ્ત કરવામાં આવી હતી.પોલીસે ટેન્કર સહિત કુલ રૂ.૪૩,૪૪,૫૯૦ નો મુદામાલ કબજે કર્યો હતો. આ દરમ્યાન ટેન્કર ચાલક કિષ્ણારામ બંસીલાલ વિશ્રોઇ (ઇસરવાલ) રહે. જાલોર રાજસ્થાનવાળો પકડાઈ ગયો હતો. તેણે ગણપત સારણ (વિશ્રોઇ) રહે. ધમાણા તા.સાંચોર તથા લાધુરામ હરીરામ શીયાક રહે. નયાવાડા તા.બાગોડા જી.જાલોરવાળો એકબીજાના મેળાપીપણાથી વિદેશી દારૂ ગુજરાતમાં ઘુસાડવાનું ષડયંત્ર રચ્યું હોવાનું સામે આવ્યું છે. પોલીસે તેમની વિરૂદ્ધમાં ડીસા રૂરલ પોલિસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નવા વર્ષ પૂર્વે મોટી માત્રામાં દારૂનો જથ્થો ઝડપાતા ખુદ પોલીસ ચોંકી ઉઠી હતી.

બનાસકાંઠા જિલ્લાના વાવ, થરાદ, પાલનપુર તાલુકા બાદ

વડગામના જલોતરામા તીડનો આતંક : ખેડુતોને મોટાપાયે નુકશાન

વડગામ,

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે મહિનાથી વાવ,થરાદ પંથકમાં તીડને દેખા દીધી હતી જેમાં મોટી સંખ્યામાં તીડના ઝુંડ ત્રાટકતા આ વિસ્તારના ના ખેડુતો ની દયનીય હાલત બની ગઈ હતી.

વહીવટી તંત્ર દ્વારા તીડના નિકાલ માટે વાવ,થરાદ પંથકમાં દવાઓ છોડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારે આ તીડના ઝુંડ મોટી માત્રામાં શુક્રવાર ના બપોરના સમયે પાલનપુર તાલુકા ના ગઢ,સલ્લા,તેમજ ચડોતર,એગોલા,ગોઢ, સહીત ના ગામડાઓ માં પવન ની દીસા સાથે ત્રાટકતા આ વિસ્તારના ખેડૂતો ઢોલ, ફટાકડા,થાળી,ખખડાવીને તીડને ભગાડવાની ભારે કોસીસ કરાઈ હતી પરંતુ ખેડુતોને સફળતા મળી ન હતી.હવે આ તીડ વડગામ તાલુકાના જલોતરા મોરીયા પંથકમાં પ્રવેશ કરતા વડગામ પંથકના ખેડુતોમાં નાસભાગ મચી છે.બનાસકોઠા જિલ્લા માં છેલ્લા ઘણા સમયથી જાણે ખેડુતો ઉપર કુદરત રૂઠ્યો હોય તેમ ખેડુતો માથે એક પછી એક મુસીબતો આવી રહી છે જિલ્લા માં ભારે વરસાદના પ્રકોપ બાદ કમોસમી વરસાદ,તેમજ હવે તીડના પ્રકોપથી ખેડુતો હચમચી ગયા છે.અને તેમના જીવન નિર્ભર માટે મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે. બનાસકાંઠા જીલ્લા મા તીડ નો આતંક યથાવત રહેવા પામ્યો છે.વડગામ ખેતીવાડી અધિકારી દ્વારા તીડ વડગામ તાલુકા માં પ્રવેશવાના હોવાથી

એલર્ટ પણ કરાયા છે.તીડનુ ઝુંડ આવે ત્યારે ઢોલ,થાળી ખખડાવી,બૂમરાડ કરવી,તેમજ પાક ઉપર કેરોસીન નો છંટકાવ કરવા જણાવાયું છે.

વડગામ તાલુકાના જલોતરા ખાતે ત્રાટકતાં ખેડુતો ના ઘઉં, બટાટા, પપૈયા ના પાકને મોટાપાયે નુકશાન પહોંચાડેલ છે, પ્રાપ્ત વિગતોનુસાર ગોઢ,ધોરી,પાવઠી, મુમનવાસ, અંધારિયા ગામો મા પણ તીડ ત્રાટકતાં ખેડુતો ને મોટાપાયે નુકશાન વેઠવા નો વારો આવ્યો છે. છેલ્લી માહિતી અનુસાર વડગામ તાલુકાના મોરિયા ગામે તીડો નુ મોટુ ટોળુ પહોચેલ હોવાનું જાણવા મળી રહ્યું છે.

ખેડબ્રહ્મા તાલુકા પત્રકાર પ્રમુખ-ઉપપ્રમુખની વરણી

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા તાલુકામાં આજરોજ તા. ૨૧-૧૨-

૨૦૧૯ના રોજ તાલુકાના પત્રકાર મિત્રોની મીટીંગ નવીન વિશ્રામગૃહ ખાતે રાખવામાં આવી હતી. જેમાં નવીન કારોબારીની રચના સર્વાનુમતે કરવામાં આવી હતી. તાલુકા કારોબારીની રચના કરવામાં આવી હતી.

જેમાં તાલુકા પ્રમુખ તરીકે રમેશ વૈષ્ણવએ ભરતકુમાર ચૌહાણની દરખાસ્ત મુકવામાં આવી હતી જેને સર્વાનુમતીએ સ્વીકાર થતા ભરતકુમારને પ્રમુખ જાહેર કર્યા હતા. તાલુકા ઉપપ્રમુખ તરીકે ચંદુભાઈ જે પ્રજાપતિ, પ્રકાશકુમાર એમ. ભાભી, તાલુકા મહામંત્રી જતિનભાઈ એ. સુથાર, ધીરૂભાઈ બી. પરમાર, તાલુકા મંત્રી હસમુખભાઈ બી. પંચાલ, ચંદુભાઈ એમ. પ્રજાપતિ, ખજાનસી તરીકે હિતેશભાઈ જે. પટેલ, આઈટી સેલ તરીકે મનોજકુમાર પી. રાવલની નિમણૂક કરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લા એસઓજી અને શામળાજી પોલીસે ફિલ્મી ઢબે ટ્રક-કન્ટેનરમાંથી ૬૨ ગૌવંશ ઝડપ્યું

શામળાજી, તા. ૨૧

અરવલ્લી જીલ્લાની રતનપુર ચેકપોસ્ટ ગેરકાયદેસર પ્રવૃતિઓ માટે પંકાયેલી છે.

રતનપુર ચેકપોસ્ટ પરથી બુટલેગરો મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે હવે કસાઈઓ પણ રતનપુર ચેકપોસ્ટ માર્ગે ગૌવંશની હેરાફેરીમાં ઉપયોગમાં લઈ રહ્યા છે. જીલ્લા એસઓજી અને શામળાજી પોલીસે બાતમીના આધારે રાજસ્થાન તરફથી ટ્રક-કન્ટેનરમાં મુશ્કેટાટ હાલતમાં ઘુસાડાતા ૬૨ ગાય-વાછરડાને ફિલ્મીઢબે ટ્રક-કન્ટેનરનો પીછો કરી બચાવી લીધા હતા. ટ્રક-કન્ટેનર ચાલક પોલીસને ચકમો આપી અંધારાનો લાભ લઈ રફુચક્કર થઈ જતા શામળાજી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લા એસઓજી પોલીસને ટ્રક-કન્ટેનરમાં રતનપુર ચેકપોસ્ટ પરથી મોટા પ્રમાણમાં ગૌવંશ ઘુસાડવામાં આવી રહ્યું હોવાની બાતમી મળતા એસઓજી અને શામળાજી પોલીસે અણસોલ ગામ નજીક નાકાબંધી કરી હતી બાતમી આધારિત ટ્રક-કન્ટેનર (ગાડી.નં. એમએચ-૧૬ટી-૧૭૧૭) આવતા રોકવાનો પ્રયત્ન કરતા ટ્રક-કન્ટેનર ચાલકે ટ્રક રોડ પર દોડાવી મુકતા પોલીસે ટ્રક-કન્ટેનરનો પોલીસજીપમા પીછો કરતા સતત વાહનોથી ધમધમતા રોડ પર ફિલ્મીદ્રશ્યો સર્જાયા હતા. વેણપુર ગામ નજીક બસસ્ટેન્ડ નજીક ટ્રક-કન્ટેનર રોડ પર મૂકી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા.

પોલીસે ટ્રક-કન્ટેનરમાંથી મરણતોલ હાલતમાં બાંધેલા ગાય-વાછરડા નંગ-૬૨ કીં. રૂ.૧૮૬૦૦૦ તથા ટ્રક-કન્ટેનર કીં. રૂ.૧૦૦૦૦૦૦ મળી કુલ રૂ.૧૧૮૬૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક-કન્ટેનરમાંથી બચાવેલ ગૌવંશને ઈડર પોજરાપોળ મોકલી આપી આપી ફરાર ગાડી ચાલક તેમજ અન્ય એક શખ્સ તેમજ ગાડી માલિક વિરુદ્ધ એનિમલ એકટ મુજબનો ગુનો નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હિંમતનગર ખાતે રાજ્ય આરોગ્ય કર્મચારી મંડળની ઉત્તર અને મધ્ય ગુજરાતના હોદ્દેદારોની બેઠક યોજાઈ

હાલમાં આરોગ્ય વિભાગના વર્ગ-૩ના સાત કેડરના કર્મચારીઓની એચોક્કસ મુદતની હડતાલ ચાલી રહી છે અને આરોગ્યના કર્મચારીઓની ૧૩ જેટલા પડતર પ્રશ્નોને લઈને ૧૭મી ડિસેમ્બરના રોજથી અચોક્કસ મુદતની હડતાલ ચાલુ છે. જેને લઈને શનિવારના રોજ ઉત્તર-મધ્ય ગુજરાતના ૧૧ જિલ્લાના પ્રમુખ-મંત્રીઓ અને કન્વીનરોની મીટીંગ હિંમતનગરના

વક્તાપુર ખાતે પદ્માવતી જૈન મંદિર ખાતે યોજાઈ હતી. જેમાં ગુજરાત આરોગ્ય કર્મચારી મંડળના પ્રમુખ કિરીટસિંહ ચાવડા, ખજાનચી અશોકભાઈ પટેલ તથા પગલાં સમિતિના સભ્યો હાજર રહી આગામી આંદોલન માટે સંગઠન મજબુત થાય તથા આગામી રણનીતિ માટેની ચર્ચા કરવામાં આવી હતી. તો ગાંધીનગર ખાતે વિશાળ રેલી અને ધરણાનું આયોજન કરવામાં આવશે તેને લઈને ૧૧ જિલ્લાના હોદ્દેદારો માંગ નહી સંતોષાય ત્યાં સુધી હડતાલ નહિ સમેટવામાં બાહેધરી આપી સાબરકાંઠા જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળના પ્રમુખ આશીષભાઈ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે સાબરકાંઠાના તમામ સભ્યો અચોક્કસ મુદતની હડતાલમાં ઉત્સાહથી જોડાયેલા છે તો મહામંત્રી ગોવિંદભાઈ પાટીલ દ્વારા કાર્યક્રમનું સુંદર સંચાલન કરવામાં આવ્યું હતું. તુષાર પટેલ, ગૌતમ વાળંદ, અજય શર્મા, વિશ્વ પ્રતાપસિંહ રાઠોડ, પિયુષ પટેલ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવાના પ્રયત્નો કર્યા હતા અને ધરમસિંહ પરમાર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

મોડાસા હોટલ રેસ્ટોરન્ટ ફરસાણ અને મીઠાઈ એસોસિએશનના વેપારી મિત્રો ગાંધીનગર ખાતે ચાલતા ખાદ્ય ખોરાક પ્રદર્શનની મુલાકાત લઈ ધંધાને લગતી મશીનરી તથા પ્રોડક્ટ વિશેની વિસ્તૃત જાણકારી મેળવી હતી. આ પ્રદર્શનની મુલાકાતે સર્વ હિમાંશુ ભાવસાર(વસંત રેસ્ટોરન્ટ) વિનોદ ભાવસાર (હોટલ પૂર્ણિમા) ભાવેશ શેઠ (ભાવનગરી મીઠાઈ) મિતેશ પટેલ(કચ્છી દાબેલી) તથા મનીષ ભાવસારે મુલાકાત લઈ સારી એવી માહિતી મેળવી હતી.

હિંમતનગર આર્ટસ કોલેજમાં હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ

હિંમતનગર કેળવણી મંડળ સંચાલીત આર્ટસ અને એન્ડ કોમર્સ કોલેજમાં શનિવારે ઉત્તર ગુજરાતની હેન્ડ બોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંચાલીત ૧૨ કોલેજોના સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને આખો દિવસ હેન્ડબોલ સ્પર્ધા ચાલુ રહેતા હેન્ડબોલના રસીયાઓ જોવા માટે હાજર રહ્યા હતા.

લાખણી તાલુકામાં તીડ આક્રમણને લઈ કલેક્ટરની જાત મુલાકાત

ખેડૂતોની વેદના સરકાર સુધી પહોંચાડવાની સાંત્વના

બનાસકાંઠામાં તીડનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો છે. ત્યારે ગઈકાલે કોંગ્રેસના ડેલિગેશને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. જેને લઈ ગત મોડી સાંજે બનાસકાંઠા કલેક્ટર સંદીપ સાંગલે પણ લાખણી પંથકમાં દોડી ગયા હતા. જ્યા તેમણે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ ખેડૂતોની વેદનાઓ સાંભળી હતી. રવિ સિઝનમાં ખેડૂતોને થયેલ પારાવાર નુકશાનીનું જાતે તપાસ હાથ ધરી અને સરકાર સુધી આ વાત પહોંચાડી ઘટતી કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યુ હતુ.

ખેડૂતો સતત કુદરતી આફતો વચ્ચે હવે તિડના તરખાટથી પાયમાલ બન્યા છે તેમ છતાં તંત્ર તેને નાથવામાં ઉણું ઉતર્યું હોવાની વેદના ખેડૂતોએ ઠાલવી હતી. જો કે જિલ્લા કલેક્ટર સંદીપ

સાંગલેએ ખેડૂતોની વેદના અને રજુઆત સરકાર સુધી પહોંચાડવાની હૈયા ધારણા આપી હતી. લાખણી પંથકના અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચેલા જીલ્લા કલેક્ટર સંદીપ સાંગલેની સાથે જીલ્લા વિકાસ અધિકારી-અજય દહીંયા, લાખણી મામલતદાર સહિતના અધિકારીઓ પણ જોડાયા હતા. તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત તો લીધી પરંતુ સરકાર તાત્કાલિક જરૂરી સર્વે કરાવી અને સહાયનું વિતરણ કરે તેવી ખેડૂતોમાં માંગ ઉઠી છે.